




**IPL 2026** આજની મેચ LSG Vs CSK ▶ સમય: સાંજે 7:30 વાગ્યે ▶ સ્થળ: લખનૌ

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| RCB | 12 | 8 | 4 | 0 | 16 | 1.053 |
| GT | 12 | 8 | 4 | 0 | 16 | 0.551 |
| SRH | 12 | 7 | 5 | 0 | 14 | 0.331 |
| PBKS | 12 | 6 | 5 | 1 | 13 | 0.355 |
| CSK | 11 | 6 | 5 | 0 | 12 | 0.185 |
| RR | 11 | 6 | 5 | 0 | 12 | 0.082 |
| DC | 12 | 5 | 7 | 0 | 10 | -0.993 |
| KKR | 11 | 4 | 6 | 1 | 9 | -0.198 |
| MI | 12 | 4 | 8 | 0 | 8 | -0.504 |
| LSG | 11 | 3 | 8 | 0 | 6 | -0.907 |

# હાલની સિઝનના ત્રણ IPL કેપ્ટન સુકાનીની ભૂમિકા ગુમાવે તેવા એંધાણ

**દિલ્હી** કેપિટલ્સનો અક્ષર પટેલ, એલએસજીનો ઋષભ પંત અને કેકેઆરનો અજિંક્ય રહાણે ખરાબ રીતે નિષ્ફળ રહ્યા

નવી દિલ્હી, તા. 14 : હાલમાં ચાલી રહેલી આઈપીએલની સિઝનમાં નિરાશાજનક અભિયાનને કારણે આ મહિનાના અંતમાં જ્યારે સિઝન સમાપ્ત થશે તે પછી ત્રણ ફ્રેન્ચાઈઝી કેપ્ટનો તેમના હોદ્દા ગુમાવી શકે છે. વિવિધ ફ્રેન્ચાઈઝીઓના ઉતાર-ચઢાવ પર નજર રાખતા સૂત્રોએ આ સંકેત આપ્યો છે. દિલ્હી કેપિટલ્સનો અક્ષર પટેલ, કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)નો અજિંક્ય રહાણે અને લખનૌ સુપર જાયન્ટ્સ (એલએસજી)નો ઋષભ પંત સતત બે સિઝન માટે પોતાની ટીમોના કેપ્ટનપદે રહ્યા છે. જો કે હાલની સિઝનમાં તેઓ પોતાની ટીમોને પ્લેઓફમાં લઈ જવાના પ્રયાસોમાં ખરાબ રીતે નિષ્ફળ ગયા છે.

### અક્ષર પટેલ પોતાની કેપ્ટનશીપ ગુમાવશે.



દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અને ખેલાડી તરીકે, અક્ષરે ખરાબ પ્રદર્શન કર્યું છે, નવ ઇનિંગ્સમાં 112.50 ના સ્ટ્રાઇક-રેટથી માત્ર 100 રન બનાવ્યા છે, જેમાંથી 56 એક ઇનિંગ્સમાં અને બાકીના 44 આઠ ઇનિંગ્સમાં બનાવ્યા છે. મોટાભાગની મેચોમાં તે ટોચના પાંચમાં બેટિંગ કરતો હોવા છતાં આવું બન્યું છે. આ 12 મેચોમાં, અક્ષરે ફક્ત 36 ઓવર ફેંકી છે, જે પ્રતિ મેચ ત્રણ ઓવર થાય છે, જેમાં તેણે 8.05ના ઇકોનોમી રેટથી 10 વિકેટ લીધી છે. અક્ષર પોતાની કેપ્ટનશીપ ક્ષમતા સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે અને મોટાભાગના નિર્ણયો માટે હેમાંગ બદાણી અને વેણુગોપાલ રાવ પર આધાર રાખે છે. આવી સ્થિતિમાં, જો તે આવતા વર્ષે કેપ્ટન રહે તો તે એક ચમત્કાર હશે.

### નબળી કેપ્ટનશિપને કારણેં ઋષભ પંત પણ સુકાની નહીં રહે



2027 માં મેગા ઓક્શનમાં ઋષભ પંતને ખેલાડી તરીકે જાળવી શકાય છે. પરંતુ તેની કેપ્ટનશીપ અત્યાર સુધી નબળી રહી છે. પંતે અલગ અલગ પોઝિશન પર બેટિંગ કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ ઘણીવાર એવું લાગે છે કે તે તેના ખભા પર ભારે બોજ વહન કરી રહ્યો છે. પંતે 138ના સ્ટ્રાઇક રેટથી 251 રન બનાવ્યા છે, જે આધુનિક ટી-20 માપદંડ મુજબ નબળા છે. તેના પર દબાણ એ વાત પરથી સ્પષ્ટ થાય છે કે તેણે 11 મેચમાં ફક્ત નવ છગ્ગા ફટકાર્યા છે. તેની બેટિંગ લય પણ તૂટી છે, અને ટીમ કોમ્બિનેશનના કેટલાક નિર્ણયોએ ટીમના સમર્થકોને પણ આશ્ચર્યચકિત કર્યા છે.

### અજિંક્ય રહાણે કેપ્ટનપદ જ નહીં પણ ખેલાડીનું સ્થાન પણ ગુમાવી શકે



અજિંક્ય રહાણેને કોઇ વિકલ્પ ન હોવાના કારણે કેકેઆરનો કેપ્ટન બનાવાયો હતો. તેનો મુંબઈ ટીમનો માજી સાથી અભિષેક નાયર મુખ્ય કોચ હોવાથી રહાણે ફાવી ગયો. અંગક્રિશ રઘુવંશી આધુનિક T20 ક્રિકેટમાં ટોચના ક્રમના બેટ્સમેનની માંગ મુજબ પ્રદર્શન નહીં કરી શકે એવી કેકેઆરને ચિંતા હતી. રઘુવંશીએ 139થી વધુના સ્ટ્રાઇક રેટથી 340 રન બનાવ્યા, જ્યારે કેપ્ટન રહાણેએ 133 ના સ્ટ્રાઇક રેટથી 237 રન બનાવ્યા. બંનેએ ટોચના ત્રણમાં બેટિંગ કરી, જેના કારણે લગભગ દરેક મેચમાં ધીમી શરૂઆત થઈ. રહાણે અને રઘુવંશીએ એક જ પ્લેઈંગ ઇલેવનમાં સાથે રમવું જોઈતું ન હતું, અને મેનેજમેન્ટની જીદ ફ્રેન્ચાઇઝ માટે મોંઘી સાબિત થઈ.

## CSKએ ઘાયલ ઓવરટનના સ્થાને ફોરેસ્ટરને સમાવ્યો

ચેન્નાઇ, તા. 14 (પીટીઆઇ) : ચેન્નાઇ સુપર કિંગ્સ (સીએસકે)એ આજે ગુરુવારે ઈંગ્લેન્ડના જેમી ઓવરટનના સ્થાને દક્ષિણ આફ્રિકાની ઓલરાઉન્ડર ડાયેન ફોરેસ્ટરનો સમાવેશ કર્યો છે. જાંઘની ઇજાને કારણે ઓવરટન આઇપીએલની બાકીની મેચોમાંથી બહાર થઈ ગયો છે. આઇપીએલે ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ફોરેસ્ટર 75 લાખ રૂપિયામાં સીએસકે સાથે જોડાશે. ફોરેસ્ટરે આ વર્ષે માર્ચમાં ન્યુઝીલેન્ડ સામે દક્ષિણ આફ્રિકા માટે ડેબ્યૂ કર્યું હતું અને પાંચ મેચોમાં 83 રન બનાવ્યા છે.

## અજિતે એશિયન વેઇટલિફ્ટિંગમાં બ્રોન્ઝ જીત્યો

ગાંધીનગર, તા. 14 (પીટીઆઇ) : એશિયન સિનિયર વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ગુરુવારે અહીં અજિત નારાયણે ક્લીન એન્ડ જર્ક અને પુરુષોની ૭૧ કિગ્રા શ્રેણીમાં એકંદરે બ્રોન્ઝ મેડલ જીતતા ભારતે પોતાનો પ્રભાવશાળી દેખાવ ચાલુ રાખ્યો હતો. એશિયાના કેટલાક શ્રેષ્ઠ વેઇટલિફ્ટર્સ સામે સ્પર્ધા કરતા, અજિતે સંયમ બતાવ્યો અને ક્લીન એન્ડ જર્કમાં ૧૭૪ કિગ્રા અને કુલ ૩૧૪ કિગ્રા વજન ઉપાડીને ભારતને પોડિયમ ફિનિશ અપાવ્યું. આ શ્રેણીમાં ગોલ્ડ મેડલ કોરિયાના વોન જુ રી (૩૫૧ કિગ્રા) ને મળ્યો જ્યારે ચીનના જિયાન ચેને ૩૩૫ કિગ્રા વજન સાથે સિલ્વર મેડલ જીત્યો.

## વુશુ ખેલાડી અપર્ણાએ સાન્ડા વર્લ્ડકપમાં ગોલ્ડ જીત્યો

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઇ) : ભારતીય વુશુ ખેલાડી અપર્ણાએ ગુરુવારે મકાઉમાં 11મા સાન્ડા વર્લ્ડ કપમાં મહિલાઓની 52 કિગ્રા વજન કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો. અપર્ણાએ ફાઇનલમાં વર્તમાન વિશ્વ ચેમ્પિયન વિયેતનામની થી ફુઓંગ ન્ગા ન્ગોને સીધા સેટોમાં હરાવી. ભારતીય વુશુ એસોસિએશનના જણાવ્યા અનુસાર, 12 મેથી શરૂ થયેલી આ સ્પર્ધામાં આ ભારતનો પહેલો ગોલ્ડ મેડલ હતો. સપ્ટેમ્બર 2025માં બ્રાઝિલમાં વર્લ્ડ વુશુ ચેમ્પિયનશિપની ફાઇનલમાં અપર્ણા આ જ પ્રતિસ્પર્ધી સામે હારી ગઈ હતી. સ્પર્ધાત્મક વુશુને બે શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવે છે: તાઓલુ અને સાન્ડા. તાઓલુ જિમ્નેસ્ટિક્સ અને માર્શલ આર્ટ્સને જોડે છે, અને સ્પર્ધકોને તેમની હિલચાલના આધારે સ્કોર આપવામાં આવે છે.

# મુંબઇનું વિજય 'તિલક', પંજાબની સતત 5મી હાર

**પ્રભસિમરને** અર્ધસદી ઉપરાંત પ્રિયાંશ અને કોનોલી સાથે અર્ધશતકીય ભાગીદારીથી પંજાબે 200 રન બનાવ્યા

**તિલકે** નોટઆઉટ ઇનિંગ રમવા સાથે રધરફોર્ડ અને જેક્સ સાથે અર્ધશતકીય ભાગીદારીથી મુંબઇને છ વિકેટે જીત અપાવી



ધર્મશાલા, તા. 14 : આઈપીએલમાં આજે ગુરુવારે અહીં રમાયેલી એક મહત્વની મેચમાં શાર્દુલ ઠાકુરની શાનદાર બોલિંગ છતાં ઓપનર પ્રભસિમરન સિંહની અડધી સદી અને અંતિમ ઓવરોમાં થયેલી ફટાફટીથી પંજાબ કિંગ્સે આઠ વિકેટે ૨૦૦ રન બનાવીને મૂકેલા 201 રનના લક્ષ્યાંક સામે તિલક વર્માએ નોટઆઉટ અર્ધસદી ફટકારવાની સાથે જ શેરફાન રધનફોર્ડ અને વિલ જેક્સની સાથે અર્ધશતકીય ભાગીદારીથી મુંબઈ ઈન્ડિયન્સને છ વિકેટે જીત અપાવી હતી, આ પંજાબ કિંગ્સની સતત પાંચમી હાર રહી હતી અને તેઓ 12 મેચમાં 13 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને છે અને 16 પોઈન્ટ સુધી પહોંચવા માટે તેમને બાકીની બંને મેચ જીતવી પડશે.

ટોસ હારીને બેટિંગ કરવા આવેલા પંજાબ કિંગ્સે પ્રભાવશાળી શરૂઆત કરી હતી, જેમાં પ્રભસિમરન અને પ્રિયાંશ આર્ય (22) એ પ્રથમ વિકેટ માટે 5.3 ઓવરમાં 50 રન ઉમેર્યા હતા. પ્રભસિમરને 32 બોલમાં છ ચોગ્ગા, ચાર છગ્ગાની મદદથી 57 રન બનાવ્યા હતા, તેણે કૂપર કોનોલી સાથે બીજી વિકેટ માટે ૫૭ રન ઉમેરીને પંજાબ માટે મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડ્યું, પરંતુ શાર્દુલ ઠાકુરે 39 રનમાં ચાર વિકેટ લઈને મુંબઈને વચ્ચેની ઓવરોમાં વાપસી કરાવવામાં મદદ કરી. દીપક ચહરે પણ ૩૬ રન આપીને બે વિકેટ લીધી હતી. જોકે, અઝમતુલ્લાહ ઓમરઝાઈએ અંતિમ ઓવરોમાં 17 બોલમાં બે ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી 38 રન બનાવ્યા હતા, જ્યારે અંતિમ બે ઓવરોમાં વિષ્ણુ વિનોદ અને ઝેવિયર બાર્ટલેટે મળીને 34 રનનો ઉમેરો કરીને પંજાબ કિંગ્સનો સ્કોર 200 રન પર પહોંચાડ્યો હતો.

| પંજાબ કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| પ્રિયાંશ બો.દીપક | 22 | 17 | 4 | 0 |
| પ્રભસિમરન કો.બોશ બો.શાર્દુલ | 57 | 32 | 6 | 4 |
| કોનોલી બો.બાવા | 21 | 22 | 2 | 1 |
| શ્રેયસ બો.શાર્દુલ | 4 | 2 | 1 | 0 |
| શ્રેયાંશ કો.બાવા બો.ઠાકુર | 8 | 5 | 0 | 1 |
| શશાંક LB બો.બોશ | 2 | 3 | 0 | 0 |
| ઓમરઝઇ કો.જેક્સ બો.દીપક | 38 | 17 | 2 | 4 |
| યાન્સન બો.શાર્દુલ | 2 | 7 | 0 | 0 |
| વિષ્ણુ નોટઆઉટ | 15 | 8 | 1 | 1 |
| બાર્ટલેટ નોટઆઉટ | 18 | 7 | 2 | 1 |

Extras (b 4, lb 1, w 6) 13

કુલ (20 ઓવરમાં આઠ વિકેટે) 200

**વિકેટપતન :** 1/50, 2/107, 3/111, 4/111, 5/123, 6/135, 7/140, 8/166

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| દીપક ચાહર | 4 | 0 | 36 | 2 |
| જસપ્રીત બુમરાહ | 4 | 0 | 35 | 0 |
| શાર્દુલ ઠાકુર | 4 | 0 | 39 | 4 |
| કોર્બિન બોશ | 4 | 0 | 42 | 1 |
| રઘુ શર્મા | 2 | 0 | 22 | 0 |
| વિલ જેક્સ | 1 | 0 | 9 | 0 |
| રાજ બાવા | 1 | 0 | 11 | 1 |

| મુંબઇ ઇન્ડિયન્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રોહિત બો.ચહલ | 25 | 26 | 0 | 2 |
| રિકલ્ટન કો.પ્રિયાંશ બો.ઓમરઝઇ | 48 | 23 | 4 | 4 |
| નમન કો.અર્શદીપ બો.યાન્સન | 9 | 6 | 0 | 1 |
| તિલક નોટઆઉટ | 75 | 33 | 6 | 6 |
| રધરફોર્ડ કો.બાર્ટલેટ બો.ઓમરઝઇ | 20 | 21 | 1 | 1 |
| જેક્સ નોટઆઉટ | 25 | 10 | 2 | 2 |
| વધારાના | 3 | | | |

કુલ (19.5 ઓવરમાં ચાર વિકેટે) 205

**વિકેટપતન :** 1/61, 2/81, 3/88, 4/149

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અર્શદીપ સિંહ | 4 | 0 | 29 | 0 |
| અઝમતુલ્લા ઓમરઝઇ | 4 | 0 | 36 | 2 |
| માર્કો યાન્સન | 4 | 0 | 55 | 1 |
| ઝેવિયર બાર્ટલેટ | 3.5 | 0 | 53 | 0 |
| યુઝવેન્દ્ર ચહલ | 4 | 0 | 32 | 1 |

# LSG સામે આજે જીતીને CSK પ્લેઓફની આશા જીવંત રાખવા માગશે

**સાંજે** 7.30થી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



લખનૌ, તા. 14 (પીટીઆઇ) : આઈપીએલની હાલની સિઝનમાં ખરાબ પ્રદર્શન છતાં પ્લેઓફની રેસમાં રહેલી ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) આવતીકાલે શુક્રવારે જ્યારે અહીં લખનૌ સુપર જાયન્ટ્સ સામે મેદાને ઉતરશે ત્યારે તેઓ શાનદાર જીત મેળવીને પોતાનો દાવો જીવંત રાખવાનો પ્રયાસ કરશે, જ્યારે પહેલાથી જ રેસમાંથી બહાર એલએસજી માટે આ મેચ ફક્ત પ્રતિષ્ઠાની લડાઈ છે. સીએસકેએ ટુર્નામેન્ટના બીજા તબક્કામાં સમયસર જીત મેળવીને પોતાની આશા જીવંત રાખી હતી જ્યારે એલએસજીનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું હતું.

સીએસકેએ બાકીની બધી મેચ જીતવી પડશે અને અન્ય મેચોમાં પણ અનુકૂળ પરિણામોની આશા રાખવી પડશે. હાલમાં, સીએસકે 11 મેચમાંથી છ જીત સાથે પાંચમા સ્થાને છે. પાંચ વખતની ચેમ્પિયન સીએસકેએ પોતાના ખરાબ ફિનિશિંગ માટે ટીકાનો સામનો કર્યા પછી સંજુ સેમસન, ઉર્વિલ પટેલ, કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ અને કેટલાક ઉભરતા ખેલાડીઓના પ્રદર્શનના આધારે જોરદાર વાપસી કરી.

ટોચના ક્રમમાં ઉર્વિલના નિર્ભિક પ્રદર્શનથી ચેન્નઈને પાવરપ્લેમાં તેમનું પ્રદર્શન સુધારવામાં મદદ મળી છે.

# વૈભવને IPL ફળી, શ્રીલંકા પ્રવાસ માટે ભારતની A ટીમમાં સામેલ

**શ્રીલંકામાં** રમાનારી ત્રિકોણીય સીરિઝ માટે ભારત 'એ' ટીમનો કેપ્ટન તિલક વર્માને બનાવાયો

**વૈભવ** સૂર્યવંશીની સાથે જ પ્રિયાંશ આર્ય, હર્ષ દુબે, સૂર્યાંશ શેડગે, યશ ઠાકુરનો પણ સમાવેશ



નવી દિલ્હી, તા. 14 (પીટીઆઇ) : યુવા બેટિંગ સેન્સેશન વૈભવ સૂર્યવંશીને આપીએલમાં તેની વિસ્ફોટક બેટિંગ ફળી છે અને આજે ગુરુવારે શ્રીલંકામાં 9 જૂનથી શરૂ થનારી 50 ઓવરની ત્રિકોણીય સીરિઝ માટે ભારત 'એ' ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ભારત અને યજમાન શ્રીલંકા ઉપરાંત, અફઘાનિસ્તાન A ટીમ પણ આ ટુર્નામેન્ટમાં ભાગ લેશે. આ મેચો દામ્બુલામાં રમાશે. ભારત A ટીમ ગાલેમાં બે મલ્ટી-ડે (ચાર દિવસીય) ટેસ્ટ મેચ પણ રમશે, પરંતુ તે મેચ માટેની ટીમની જાહેરાત પછીથી કરવામાં આવશે.

એવું માનવામાં આવે છે કે પસંદગીકારો 26 જૂનથી શરૂ થનારા બ્રિટન (આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ)ના પ્રવાસ માટે સિનિયર ટીમમાં પસંદગી કરતા પહેલા ભારત A ટીમ સાથે સૂર્યવંશીને પારખવા માગે છે તેથી તેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ત્રિકોણીય શ્રેણી 21 જૂને સમાપ્ત થશે.

ભારતની 15 સભ્યોની ટીમની સરેરાશ ઉંમર ૨૩ વર્ષની આસપાસ છે. ફક્ત ફાસ્ટ બોલર અરશદ ખાન, યુદ્ધવીર સિંહ અને યશ ઠાકુર 25 વર્ષથી વધુ ઉંમરના છે. ટીમમાં કોઈ પણ ખેલાડી ૩૦ વર્ષથી વધુ ઉંમરનો નથી, અને તે બધાએ વિજય હજારે ટ્રોફીમાં સારું પ્રદર્શન કર્યું હતું. વધુમાં, તે બધા આઈપીએલમાં કરારબદ્ધ છે.

તિલક (મુંબઈ ઈન્ડિયન્સ) અને ઉપ-કપ્તાન રિયાન પરાગ (રાજસ્થાન રોયલ્સ) ઉપરાંત, સૂર્યવંશી (રાજસ્થાન રોયલ્સ), પ્રિયાંશ આર્ય, પ્રભસિમરન સિંહ, સૂર્યાંશ શેડગે (બધા પંજાબ કિંગ્સ), હર્ષ દુબે (સનરાઈઝર્સ હૈદરાબાદ), નિશાંત સિંધુ, અરશદ ખાન (બંને ગુજરાત ટાઈટન્સ), અને આયુષ બદોની (લખનૌ સુપર જાયન્ટ્સ) પણ વર્તમાન આઈપીએલ સીઝન દરમિયાન પોતપોતાની ટીમો માટે નિયમિત રહ્યા છે.

ટીમમાં અંશુલ કંબોજ (ટેસ્ટ), રિયાન પરાગ અને તિલક વર્મા (ટી20આઈ અને વનડે)નો સમાવેશ થાય છે જેઓ પહેલાથી જ સિનિયર ટીમ માટે રમી ચૂક્યા છે. આયુષ બદોનીને આ વર્ષની શરૂઆતમાં ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો હતો પરંતુ તે એક પણ મેચ રમ્યો ન હતો. તિલક અગાઉ ભારત A ટીમનું નેતૃત્વ કરી ચૂક્યા છે, જ્યારે આર્યએ ગયા વર્ષે ઓસ્ટ્રેલિયા A ટીમ સામે સદી ફટકારી હતી. સ્પિનરોમાં દુબે, શેડગે અને વિપ્રાજ નિગમનો સમાવેશ થાય છે, જ્યારે પ્રભસિમરન અને કુમાર કુશાગ્ર બે વિકેટકીપર છે.

**ત્રિકોણીય શ્રેણી માટે ભારત 'એ' ટીમ**

તિલક વર્મા (કેપ્ટન), પ્રિયાંશ આર્ય, વૈભવ સૂર્યવંશી, રિયાન પરાગ, આયુષ બદોની, નિશાંત સિંધુ, હર્ષ દુબે, સૂર્યાંશ શેડગે, પ્રભસિમરન સિંહ, કુમાર કુશાગરા, વિપરાજ નિગમ, યશ ઠાકુર, યુદ્ધવીર સિંહ, અંશુલ કંબોજ અને અરશદ ખાન.

# માસ્ટર્સ 1000માં જોકોવિચનો રકોર્ડ તોડી યાનિક સિનર આગળ નીકળ્યો

**ઇટાલિયન** ઓપનમાં રુબેલેવને હરાવી સિનરે માસ્ટર્સ ટૂર્નામેન્ટમાં સતત 32 મેચ જીતી જોકોવિચ, ફેડરર, નડાલને પાછળ છોડ્યા

રોમ, તા. 14 : ઈટાલિયન ઓપનનાં આજે ગુરુવારે આન્દ્રે રુબેલેવને હરાવીને નંબર વન ટેનિસ ખેલાડી યાનિક સિનરે સેમી ફાઈનલમાં એન્ટ્રી કરી હતી અને આ જીતની સાથે જ તેણે એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ મેળવીને માસ્ટર્સ 1000 ટૂર્નામેન્ટમાં સતત સર્વાધિક મેચ જીતવાના જોકોવિચનો રેકોર્ડ તોડ્યો હતો. સિનર પુરુષોના ટેનિસમાં નોવાક જોકોવિચના લાંબા સમયથી ચાલતા માસ્ટર્સ માસ્ટર્સ 1000 રેકોર્ડને તોડી નાખ્યો છે. વિશ્વના નંબર 1 ખેલાડીએ માસ્ટર્સ ઈવેન્ટ્સમાં પોતાની જીતનો સિલસિલો સતત 32 જીત સુધી લંબાવ્યો છે, જે જોકોવિચના અગાઉના 31ના શ્રેષ્ઠ રેકોર્ડને પાછળ છોડી દેવની સાથે રોજર ફેડરર (29) અને રાફેલ નડાલ (23) જેવા દિગ્ગજોને ઓલ-ટાઇમ સ્ટેન્ડિંગમાં પાછળ છોડી દીધા છે. સિનરે રુબલેવને ક્વાર્ટર ફાઈનલમાં 6-2, 6-4થી હરાવવા માટે તેને ફક્ત એક કલાક અને 31 મિનિટનો સમય લીધો હતો.






## થાઈલેન્ડ ઓપન : સિંધુ, લક્ષ્ય ક્વાર્ટરમાં, શ્રીકાંત આઉટ

**સાત્વિક** અને ચિરાગની જોડી પણ મેન્સ ડબલ્સમાં અંતિમ આઠમાં પ્રવેશ્યા, દેવિકા સિહાગ પણ હારી



બેંગકોક, તા. 14 (પીટીઆઇ) : ભારતીય શટલર્સ પીવી સિંધુ અને લક્ષ્ય સેને ગુરુવારે અહીં સીધી ગેમમાં જીત મેળવીને 500,000 ડોલરની થાઈલેન્ડ ઓપન સુપર 500 ટુર્નામેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. જોકે, માજી વર્લ્ડ નંબર વન કિદામ્બી શ્રીકાંત હારીને બહાર થયો હતો. છઠ્ઠી ક્રમાંકિત સિંધુએ મહિલા સિંગલ્સના બીજા રાઉન્ડમાં ડેનમાર્કની એમેલી શુલ્ઝને 28 મિનિટમાં 21-13, 21-15 થી હરાવી. જ્યારે સાતમા ક્રમાંકિત લક્ષ્યએ ચીનના ઝુ ઝુઆન ચેનને 21-12, 21-13 થી હરાવ્યો. સિંધુ હવે ટોચના ક્રમાંકિત જાપાનની અકાને યામાગુચી સામે ટકરાશે. મેન્સ ડબલ્સમાં, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ પણ મલેશિયાના બ્રાયન જેરેમી અને મુહમ્મદ હૈકલને 21-12, 21-19 થી હરાવીને છેલ્લા આઠમાં પ્રવેશ કર્યો. હવે તેમનો મુકાબલો છઠ્ઠી ક્રમાંકિત જાપાનના તાકુમી નોમુરા અને યુઇચી શિમોગામી સામે થશે.

કિદામ્બી શ્રીકાંત ચાઈનીઝ તાઈપેઈના વિશ્વ નંબર 47 સૂ લી યાંગ સામે એક કલાક અને 10 મિનિટમાં 16.21, 21.11, 18.21 ના સ્કોર સાથે હારીને સ્પર્ધામાંથી બહાર થઈ ગયો. આ વર્ષે થાઈલેન્ડ માસ્ટર્સ સુપર 300નો ખિતાબ જીતનાર દેવિકા સિહાગને થાઈલેન્ડની પિચામોન ઓપાટનીપુટ સામે 23.21, 21.11ના સમય સાથે હરાવી હતી.

## શ્રીજેશના સ્થાને સોયેઝ જુનિયર પુરુષ હોકી ટીમના કોચ બન્યા

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) : બે વખતના ઓલિમ્પિક્સ મેડલિસ્ટ પીઆર શ્રીજેશના સ્થાને ફ્રાન્સના ફ્રેડરિક સોયેઝને ગુરુવારે ભારતીય જુનિયર પુરુષ હોકી ટીમના નવા કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. ગયા વર્ષે ચેન્નાઈ અને મદુરાઈમાં FIH જુનિયર વર્લ્ડકપમાં બ્રોન્ઝ મેડલ જીત્યા બાદ ભૂતપૂર્વ સ્ટાર ગોલકીપર શ્રીજેશનો કરાર સમાપ્ત થઈ ગયો હતો. હોકી ઈન્ડિયાએ તેમનો કરાર રિન્યુ કર્યો ન હતો. બુધવારે સોશિયલ મીડિયા પર એક આકરી પોસ્ટમાં, શ્રીજેશે નિરાશા વ્યક્ત કરી હતી કે તેમના કાર્યકાળ દરમિયાન પાંચ ટુર્નામેન્ટમાં પાંચ મેડલ જીત્યા છતાં તેમનો કરાર રિન્યુ કરવામાં આવ્યો ન હતો, પરંતુ હોકી ઈન્ડિયાએ દલીલ કરી હતી કે 2036 ઓલિમ્પિકનું આયોજન કરવાની ભારતની મહત્વાકાંક્ષાઓને અનુરૂપ ટકાઉ અને ઉચ્ચ-પ્રદર્શન ઈકોસિસ્ટમ બનાવવાના લાંબા ગાળાના વિઝનને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. યુરોપિયન હોકીના શ્રેષ્ઠ કોચમાંના એક, સોયેઝને ટોચના સ્તરે કોચિંગનો 15 વર્ષનો અનુભવ છે.

## બોક્સિંગ ટ્રાયલ્સમાં હારતા નિખત કોમનવેલ્થ-એશિયન ગેમ્સમાંથી બહાર

**મોટાભાગના** બોક્સરોએ ટ્રાયલ-આધારિત પસંદગી પ્રણાલીની વાપસીને આવકારી



પટિયાલા, તા. 14 : બે વખતની વિશ્વ ચેમ્પિયન નિખત ઝરીન ગુરુવારે અહીં કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સના ટ્રાયલ્સમાંથી અપસેટ થઈને બહાર થઈ ગઈ, જ્યારે મોટાભાગના બોક્સરોએ ટ્રાયલ-આધારિત પસંદગી પ્રણાલીના પુનરાગમનનું સ્વાગત કર્યું. ૨૦૨૨ બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સ ચેમ્પિયન અને ૨૦૨૩ હાંગઝોઉ એશિયન ગેમ્સ બ્રોન્ઝ મેડલ વિજેતા નિખત, દિવસના પહેલા મુકાબલામાં ૫૧ કિગ્રા સેમિફાઈનલમાં સાક્ષી ચૌધરી સામે ૧-૪થી હારી ગઈ.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) એ રવિવારે બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (BFI) ની મૂલ્યાંકન-આધારિત સિસ્ટમને સ્થગિત કરી દેતા BFI ને ટ્રાયલ-આધારિત પસંદગી પ્રક્રિયા પર પાછા ફરવાની ફરજ પડી.

અનેક આંતરરાષ્ટ્રીય મેડલ જીતનારા એક બોક્સરે જણાવ્યું કે ટ્રાયલ સિસ્ટમ ઘણી સારી છે. અમને પસંદગી થાય છે કે નહીં તેની ચિંતા કરવાની જરૂર નથી કારણ કે મૂલ્યાંકન પછી અમારે એક અઠવાડિયા સુધી યાદીની રાહ જોવી પડે છે. આ ટ્રાયલ SAI નિરીક્ષકની હાજરીમાં હાથ ધરવામાં આવ્યા હતા. બીજો મોટો અપસેટ ત્યારે થયો જ્યારે ત્રણ વખતનો વર્લ્ડકપ મેડલિસ્ટ હિતેશ ગુલિયા 70 કિગ્રા સેમિફાઇનલમાં સુમિત સામે હારી ગયો. એશિયન ગેમ્સની બ્રોન્ઝ મેડલ વિજેતા પરવીન હુડ્ડાએ 65 કિગ્રા મહિલા સેમિફાઇનલમાં અંકુશિતા બોરોને હરાવી હતી જ્યારે પૂજા રાની 80 કિગ્રામાં નૈના સામે હારી ગઈ હતી.